ગાંધીનગર સમાચાર
ઉત્તર ગુજરાત
# સાબરકાંઠા - અરવલ્લી
તા. ૧૪-૨-૨૦૨૨, સોમવાર



હિંમતનગર | મોડાસા | બાયડ | ભીલોડા | ખેડબ્રહ્મા | તલોદ | શામળાજી | પ્રાંતિજ | ધનસુરા | પોશીના | હરસોલ | ઈડર | વિજયનગર | માલપુર | મેઘરજ | વડાલી | ખંભીસર

# ૧.૫૦ લાખથી વધુ પુસ્તકો બિનઉપયોગી બન્યા

## શાળાઓના અનેક ઓરડા-છાજલીઓ ખાલી થશે : જિલ્લાની શાળાઓમાં ધો.૯ થી ૧૨ ના બિનઉપયોગી પુસ્તકોનો નિકાલ કરવા આદેશ : એજ્યુકેશન ઈન્સ્પેક્ટરોને જરૂરી સૂચના અપાઈ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૩

મુખ્ય મંત્રી યુવા સ્વાવલંબન યોજના હેઠળ સરકારી અને ગ્રાન્ટેડ ધો.૯ થી ૧૨ ની શાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને દર વર્ષે પાઠયપુસ્તક મંડળ દ્વારા મફત પુસ્તકો આપવામાં આવે છે ત્યારે બિનઉપયોગી થયેલા પુસ્તકોનો નિકાલ કરવા આદેશ થતાં સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં ૧.૫૦ લાખથી વધુ બિનઉપયોગી પુસ્તકોનો નિકાલ સંભવ બનતાં વર્ષોથી ગોડાઉન બનેલા કેટલીક શાળાના ઓરડા અને છાજલીઓ હવે ખાલી થશે. સાબરકાંઠામાં એજ્યુકેશન ઈન્સ્પેક્ટરોને બિનઉપયોગી પુસ્તકોના નિકાલ માટે શાળાઓ સાથે જરૂરી સંકલન રાખવા જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા સૂચના આપવામાં આવી છે.

સાબરકાંઠા જિલ્લામાં બિનઉપયોગી પુસ્તકોના નિકાલની વાત આવે ત્યારે પાઠ્યપુસ્તક વેચી મારવાનું કૌભાંડ આંખો સમક્ષ આવી જાય છે. વર્ષ-૨૦૧૪-૧૫માં જિલ્લાની શાળાઓમાં મફત આપવાના પુસ્તકો અમદાવાદના કબાડી બજારમાં વેચી મારવાનું કૌભાંડ ઝડપાયા પછી શિક્ષણ વિભાગના અધિકારી સહિત ૫ જણને જેલમાં ધકેલવામાં આવ્યા હતા આ પ્રકરણ હજુ ચાલુ છે ત્યારે મુખ્ય મંત્રી યુવા સ્વાવલંબન યોજના





હેઠળ શાળાઓમાં ધો.૯ થી ૧૨ના વિદ્યાર્થીઓને આપવામાં આવેલા પુસ્તકો જે કોર્સમાંથી બહાર થઈ ગયા હોય અને બિનજરુરી બિનઉપયોગી હોય તેવા પુસ્તકોનો નિકાલ કરવા માટે શિક્ષણ વિભાગ દ્વારા સૂચના અપાતાં સાબરકાંઠા, અરવલ્લી જિલ્લો ડી.ઈ.ઓ. કચેરી દ્વારા આવા બિનઉપયોગી પાઠ્યપુસ્તકોના નિકાલ માટેની સૂચનાઓ આપવામાં આવી છે. એક રીતે સરકાર દ્વારા કરોડોના ખર્ચે છાપકામ થયેલા પુસ્તકો હવે પસ્તીના ભાવે વેચાતા જોવા મળશે. જેતે શાળાઓએ બિનઉપયોગી પુસ્તકોનો નિકાલ કરે તે દરમ્યાન જે તે વિષયના ધોરણ પ્રમાણેના બિનઉપયોગી પુસ્તકોનો સ્ટોક લેવાનો રહેશે અને પુસ્તકોનું કેટલું વજન થયું તે શાળાના સહી-સિક્કા સાથે જે તે વિસ્તારના એસ.વી.એસ. કન્વિનરને નિયત સ્થળે મોકલી આપવાના રહેશે તેમજ જે પુસ્તકો જમા કરાવ્યા છે તે બિનજરુરી અને શાળામાં બિનઉપયોગી હોવાનું તેમજ હવે એકપણ અભ્યાસક્રમ બહારના પાઠયપુસ્તકો અમારી શાળામાં નથી તે અંગેનું પ્રમાણપત્ર આપવાનું રહેશે. બિનઉપયોગી પસ્તીમાં જઈ રહેલા પુસ્તકો નિયત સ્થળે પહોંચાડવાની વ્યવસ્થા જે તે શાળાઓને કરવાની રહેશે.

### બિનઉપયોગી પુસ્તકોનો નિકાલ થશે - ડી.ઈ.ઓ.

સાબરકાંઠા ડી.ઈ.ઓ. સંજયભાઈ વ્યાસે જણાવ્યું કે શિક્ષણ વિભાગ દ્વારા ધો.૯ થી ૧૨ ના બિનઉપયોગી પુસ્તકોના નિકાલ કરવા માટે સૂચના મળતાં તે અંગેની કામગીરી જે તે એજ્યુકેશન ઈન્સ્પેક્ટરને સોંપવામાં આવી છે અને એસ.વી.એસ. કક્ષાએ જ બિનઉપયોગી પુસ્તકોનો જથ્થો શાળાઓને પહોંચાડવા જણાવાયું છે.

---

## ધો.૧૦ના ઓનલાઈન આવેદનપત્ર ભરવામાં છબરડા

# ઉત્તર ગુજરાતની શાળાઓની બોર્ડના આવેદનપત્ર ભરવામાં બેદરકારી

## તા.૧૮ ફેબ્રુઆરી સુધીમાં ગાંધીનગર બોર્ડની કચેરીનું તેડું

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૩

ધો.૧૦ અને ૧૨ બોર્ડ પરીક્ષાના ઓનલાઈન આવેદનપત્રો ભર્યા પછી ઉત્તર ગુજરાતના ૭૦૦ થી વધુ બોર્ડ પરીક્ષા આપનારા રીપીટર છાત્રોના આવેદનપત્ર ભરવામાં છબરડા વળતાં જે તે શાળાઓના આચાર્યોને તા.૧૮મીએ ગાંધીનગર માધ્યમિક શિક્ષણ બોર્ડનું તેડું ખાવ્યું છે. રીપીટર વિદ્યાર્થીઓમાં ગણિત(૧૨)ને બદલે ગણિત (૧૮)માં મુક્તિ(એક્ઝામ્સન) દર્શાવેલ છે. ગણિત(૧૮)ના વિષયની પરીક્ષા આ વર્ષે પ્રથમ વખત આયોજીત થનાર હોઈ શાળાઓ દ્વારા આવા વિદ્યાર્થીઓને એક્ઝામ્સન પસંદ કરવામાં ભૂલ થયાનું જણાઈ આવ્યું.

પ્રાપ્ત વિગતો અનુસાર આ વર્ષથી શિક્ષણ વિભાગે ગણિત બેઝીક અને સ્ટાન્ડર્ડ એમ અલગ અલગ ગણિતના વિષયો પસંદ કરવા માટે તમામ શાળાઓને તાકીદ કરાતાં વિષય શિક્ષકોએ બેઝીક અને સ્ટાન્ડર્ડ ગણિત બાબતે વિદ્યાર્થીઓને માહિતી આપી ધો. ૧૦ બોર્ડ પરીક્ષાના આવેદનપત્રો ઓનલાઈન ભરવામાં આવ્યા હતા છતાં આજે પણ અનેક વિદ્યાર્થી-વાલીઓ બેઝીક-સ્ટાન્ડર્ડનો તફાવત સમજી શક્યા નથી અને આવેદનપત્ર ભરવામાં છબરડા વળ્યાની આશંકા છે. પરંતુ માર્ચ-૨૦૧૨ માં રીપીટર વિદ્યાર્થીઓ પણ બોર્ડની પરીક્ષા આપવાના છે અને તેમના આવેદનપત્રો પણ જે તે શાળાઓ મારફતે ભરવામાં આવ્યા હતા. સાબરકઠા, અરવલ્લી, બનાસકાંઠા, પાટણ અને મહેસાણા જિલ્લાની શાળાઓ દ્વારા ઓનલાઈન ભરેલા આવેદનપત્રમાં રીપીટ વિદ્યાર્થીઓ ગણિત(૧૨) ને બદલે ગણિત (૧૮)માં મુક્તિ દર્શાવેલ છે જેથી વિદ્યાર્થીઓને એક્ઝામ્સને પસંદ કરવામાં ભૂલ થયાનું જણાતાં પાંચેય જિલ્લાના ડી.ઈ.ઓ.ને ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ, બોર્ડ દ્વારા તાકીદનો પત્ર પાઠવી શાળાના જવાબદારોએ આવેદનપત્રની ચકાસણી કરવાની સૂચનાઓ આપવામાં આવી છતાં બેદરકારી દાખવી હોવાનું જણાવી આવી શાળાના જવાબદારોએ તા.૧૮ ફેબ્રુઆરી-૨૦૨૨ સુધી રુબરુ માધ્યમિક શિક્ષણ બોર્ડની શાખામાં જે તે વિદ્યાર્થીના આવેદનપત્રમાં મુક્તિ સબબ દર્શાવેલ વિગતો માટે ઓનલાઈન આવેદનપત્રની નકલ અને વિદ્યાર્થીની અગાઉની ધો.૧૦ના ગુણપત્રની નકલ સાથે રુબરુ ઉપસ્થિત રહેવા જણાવવામાં આવ્યું છે. માહિતી સમયસર નહીં મળે તો પાછળથી ઉદ્ભવતી તમામ જવાબદારી શાળાના જવાબદારોની રહેશે તેમ જણાવવામાં આવ્યું છે.

### ઓફલાઈન ફોર્મમાં એક કોલમ ઓછી બતાવી

શિક્ષણ બોર્ડ દ્વારા ઓફલાઈન ફોર્મ ભરવા માટે પરીક્ષા ફોર્મનો નમૂનો બોર્ડ વેબસાઈટ ઉપર મૂકાયો પરંતુ ત્યાંથી ફોર્મ ડાઉનલોડ કરી વિદ્યાર્થીઓએ ફોર્મ ભરવાનો પ્રયાસ કર્યો પરંતુ ફોર્મમાં એક કોલમ ઓછી દર્શાવાઈ છે. જે ફોર્મ આપવામાં આવ્યા તે જૂના કોર્સ મુજબ જ્યારે બે ભાષા પદ્ધતિ દર્શાવવામાં આવી જ્યારે હાલ ૩ ભાષા પદ્ધતિ અમલમાં છે જેથી જૂથે ૧ પૈકીના વિષયોના નામ, કોડ તેમજ જવાબની ભાષાના કોડ કોલમમાં ૧ કોલમ ઓછી હોવાનું બહાર આવ્યું છે.

---

# ધનસુરાની ૧૧ વર્ષની ધીમહી પટેલ ૪ ફૂટ લાંબા માથાના વાળથી પ્રચલિત

## અરવલ્લીની વધુ એક દિકરી વર્લ્ડ રેકોર્ડ તરફ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૩

ધનસુરાની ૧૧ વર્ષની કિશોરી તેની ઉંચાઈ જેટલા માથાના લાંબા વાળથી પ્રચલિત થઈ છે. માત્ર ૪ ફૂટ ૧ સેમી ઉંચાઈ ધરાવતી





કિશોરીના ૪ ફૂટ લાંબા માથાના વાળના કારણે નામના તો મળી પરંતુ ઓછી ઉંમર અને લાંબા વાળના કારણે વિવિધ સમસ્યાનો સામનો કરવો પડે છે. ધો. ૬માં અભ્યાસ કરતી કિશોરી બૌદ્ધિક દ્રષ્ટીએ પણ વિશિષ્ટ હોવાનું જાણવા મળ્યું છે.

લાંબા ભરાવદાર વાળ સ્ત્રીઓનું ઘરેણું માનવામાં આવતા હોય છે. આજના આધુનિક યુગમાં યુવતીઓમહિલાઓ વાળની લંબાઈ વધારવા માટે અનેક પ્રકારના હર્બલ તેલ અને શેમ્પનો ઉપયોગ કરતી હોવા છતાં વાળની લંબાઈ વધી શકતી નથી સાયરાની નિલાંશીના વાળની સમગ્ર વિશ્વમાં સૌથી લાંબા વાળ ધરાવતી હોવાનું બિરુદ મેળવ્યું હતું અને ગત વર્ષે નિલાંશીના વાળ અમેરીકાના મ્યુઝીયમમાં ડિપ્લે કરાયા હતા ત્યારે અરવલ્લીની વધુ એક દિકરી નિલાંશી પટેલના લાંબા વાળના રેકોર્ડ સર કરવા તરફ આગળ વધી રહી છે. ધનસુરાની અને હિંમતનગરમાં ધો. ૬માં અભ્યાસ કરતી ધીમહી પટેલના માથાના વાળ પણ પ્રકારના સારસંભાળના વધુ પ્રયાસ વગર કુદરતી રીતે વૃદ્ધિ પામી રહ્યા છે. કિશોરીની કાયાની લંબાઈ જેટલા જ માથાના વાળ ભરાવદાર લંબાઈ સાથે આકર્ષણનું કેન્દ્ર બન્યા છે. જો કે માથાના વાળની લંબાઈ વધવા સાથે કિશોરીને કેટલીક શારીરિક મુશ્કેલીઓનો પણ સામનો કરવો પડતો હોય છે. લાંબા વાળ છૂટા મૂકી હરીફરી શકવામાં મુશ્કેલી આવતી હોય છે તેમાંય ક્યારેક માથામાં અંબોળો ગુંથે તો પણ માથાને તેનો ભાર લાગતો હોય છે. સામાન્ય મુશ્કેલ પરંતુ છેલ્લા કેટલાક સમયથી કિશોરીના ભરાવદાર લાંબા વાળ અન્ય મહિલાઓમાં ચર્ચાનો વિષય જરૂર બન્યા છે.

### સાયરાની નિલાંશીનો ૧૭૦.૫ સેમી લાંબા વાળનો રેકોર્ડ

સાયરાની નિલાંશી પટેલે વર્ષ-૨૦૧૮માં રોમ ખાતે ૧૭૦.૫ સેમી લાંબા વાળ સાથે ગ્રીનિસ બુકમાં સ્થાન મેળવ્યું હતું. નિલાંશીએ અત્યાર સુધીમાં પોતાનો રેકોર્ડ ૩ વખત તોડીને ઈતિહાસ સર્જ્યો છે અને હવે અરવલ્લીની વધુ એક દિકરી આવનારા વર્ષોમાં રેકોર્ડ બનાવવા તરફ આગળ ધપી રહી છે.

---

## અન્ય સમાજને પ્રેરણા રૂપ

# પ્રાંતિજના ખાતે બોરીયા સીતવાડામાં 'બેટી બચાવો બેટી વધાવો' કાર્યક્રમ યોજાયો

પ્રાંતિજ તા.૧૩

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ તાલુકાના બોરીયા સીતવાડા ગામે પુત્ર ની ૧૪ મી પુણ્યતિથિ ના દિવસે પરિવાર બેટી બચાવો બેટી વધાવો કાર્યક્રમ યોજાયો અને સગર્ભા બહેનોનુ પણ સન્માન કરવામા આવ્યુ તો આ પ્રસંગે કોંગ્રેસ ના પૂર્વ ધારાસભ્ય તથા એકલવ્ય ફાઉન્ડેશન ના ડાયરેક્ટર અગ્રણીઓ સહિત ગામજનો ઉપસ્થિત રહ્યા હતા. પ્રાંતિજ બોરીયા સીતવાડા ગામે રહેતાં રાઠોડ કાળુસિંહ ગોબરસિંહ





પરિવાર દ્વારા પોતાનાં પુત્ર ભરતસિંહ ની ૧૪ મી પુણ્યતિથિ નિમિત્તે બેટી બચાવો બેટી વધાવો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો જેમાં બોરીયા સીતવાડા ગામમાં રહેતી વીસ થી વધુ દિકરીઓનું કુમકુમ તિલક કરી કાળુસિંહ રાઠોડ પરિવાર દ્વારા ડ્રેસ, દફતર, પુસ્તક આપી ને સન્માનિત કરવામાં આવી હતી તો પ્રાંતિજ એકલવ્ય ફાઉન્ડેશન ના સહયોગ થી ગામની સગર્ભા બહેનો ને પણ સુખડી આપી સન્માન કરવામા આવ્યુ હતુ તો આ પ્રસંગે ઉપસ્થિત મહંતો મહેમાનો ને શાલ ઓઢાડી ને સન્માન કરવામા આવ્યુ હતુ તો સમાજ ના વિશિષ્ઠ વ્યક્તિઓનુ શાલ મોમેન્ટો આપી ને સન્માન કરવામા આવ્યુ હતુ તો ભજન કિર્તન કાર્યક્રમ પણ યોજાયો હતો તો આ પ્રસંગે મહંત સુનીલદાસજી, પ્રાંતિજ-તલોદના કોંગ્રેસ ના પૂર્વ ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયા, સદસ્યમિલકતસિંહરાઠોડ, રામસિંહ પરમાર, પ્રાંતિજ જાયન્ટસગ્રુપ ના સ્થાપક ડૉ.એન.કે.ડેરીયા , પ્રદીપસિંહ રાઠોડ, એકલવ્ય ફાઉન્ડેશન ના ડાયરેક્ટર હાર્દિક ભાઈ બ્રહ્મભટ્ટ, નગર પાલિકા વિરોધ પક્ષ ના નેતા દિપ્તીબેન બ્રહ્મ ભટ્ટ, પિયુષ ભાઈ શાહ સહિત ગામના આગેવાનો ગ્રામજનો વગેરે મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં તો સમાજ સહિત અન્ય સમાજ માટે પ્રેરણા રૂપ છે તેમ કહીએ તો નવાઈ નહી.

---

# મેઢાસણ સ્ટેન્ડ પાસે નર રોઝનો રઝળતો મૃતદેહ, વન વિભાગ અંધારામાં...

## રોઝનું અકસ્માતમાં મોત કે અન્ય કારણ ? ચર્ચાતા પ્રશ્નો

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૩

મોડાસા તાલુકાના મેઢાસણ હાઈવે સ્ટેન્ડ પાસે બે દિવસથી નરરોઝ(નિલગાય)નો મૃતદેહ રઝળી રહ્યો છે. મૃતદેહને કૂતરાં ગૂંથી રહ્યાં છે છતાં



વન વિભાગ અંધારામાં છે. રોઝનું અકસ્માતમાં મોત થયું છે કે પછી અન્ય કોઈ કારણ ?? તે પ્રશ્નો ચર્ચાનો વિષય બન્યા છે. મોડાસા-હિંમતનગર હાઈવે માર્ગ પર મેઢાસણ થી મોડાસા તરફ જતા રોડની સાઈડમાં અલમસ્ત નરરોઝનો મૃતદેહ જોઈ પસાર થતા વાહન ચાલકો ચોંકી રહ્યા છે. ખેતરોમાં ભેલાણ અટકાવવા માટે કોઈ ખેડૂતે વાડમાં વિજ કરંટ ઉતાર્યા પછી રોઝનું મોત થવાથી રાત્રે આ સ્થળે મૃતદેહ ફેંકી દીધાની આશંકા વ્યકત થઈ છે.જયારે વાહનની હડફેટે રોઝનું મોત થયાની પણ આશંકા નકારી શકાતી નથી પરંતુ ઘટનાના ૨ દિવસ પછી પણ વન વિભાગ રોઝના મૃત્યુ બાબતે અજાણ બની રહ્યું છે. રખડતા કૂતરાં રોઝના મૃતદેહને ચૂંથી રહ્યાં હોવા છતાં વિભાગના અહીંથી પસાર થતા બીટગાર્ડ અને ફોરેસ્ટરોએ કોઈપણ કાર્યવાહીથી આશ્ચર્યજનક રીતે આંખો બંધ કરતાં તરેહ તરેહની ચર્ચાઓ થઈ રહી છે.

---

# અંબાજી ગબ્બર ખાતે આઠમો પાટોત્સવ ઉજવાશે

અંબાજી, તા.૧૩

વિશ્વ પ્રસિદ્ધ અંબાજી ગબ્બર ખાતે ૫૧ શક્તિપીઠ દર્શન પરિક્રમાનું આઠમોં પાટોત્સવ આગામી તારીખ ૧૫ ફેબ્રુઆરી મંગળવારના દિવસે યોજાશે.

આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના બ્યુરો ચીફ ગણપતભાઈ કે.જોશી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે, જેમાં વિવિધ ધાર્મિક કાર્યક્રમો સહીત પાલખી યાત્રા પણ યોજાશે. આ યાત્રામાં આનંદ ગરબા મંડળની બહેનો, ધાર્મિક ઉત્સવ સેવા સમિતિ, અંબાજીના સદસ્યો, શક્તિપીઠના પૂજારીઓ અને સંસ્કૃત મહાવિદ્યાલયના વિદ્યાર્થીઓ સહિત યાત્રાળુઓ કાર્યક્રમમાં જોડાશે. જેમાં વિશિષ્ટ યજ્ઞ સહિત તમામ મંદિરો અને ફુલોથી શણગારવામાં આવશે શક્તિપીઠના દરેક મંદિરો પર પૂજા





વિધિ કરી ધ્વજા રોહણ કરવામાં આવશે.આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠાના જિલ્લાના અંબાજી ના પત્રકાર મહેન્દ્રભાઈ અગ્રવાલે વધુમાં જણાવ્યું હતું કે, અંબાજી ગબ્બર ખાતે આવેલા ૫૧ શક્તિપીઠ દર્શન પરિક્રમાનું આઠમોં પાટોત્સવ ૧૫ ફેબ્રુઆરી ૨૦૨૨ના યોજાનાર છે. પાટોત્સવ વિવિધ ધાર્મિક કાર્યક્રમો રાખવામાં આવેલ છે. જેમાં મુખ્યત્વે માતાજીની પાલખી યાત્રા સવારે ૯:૦૦ ગબ્બર સર્કલથી પ્રારંભ કરીને સમગ્ર પરિક્રમા માર્ગમાં પરિભ્રમણ કરશે. આ યાત્રામાં આનંદ ગરબા મંડળની બહેનો ધાર્મિક ઉત્સવ સેવા સમિતિ અંબાજીના સદસ્યઓ શક્તિપીઠના પૂજારીઓ અને સંસ્કૃત મહાવિદ્યાલયના વિદ્યાર્થીઓ સહિત યાત્રાળુઓ પણ જોડાયા છે. શક્તિપીઠના પાટોસત્વ નિમિત્તે સવારે ૮:૦૦થી ૦૫:૦૦ સુધી ગબ્બર ટોચ શક્તિપીઠના સંકુલ ૪,૧૮ અને ૧૯ ખાતે વિશિષ્ટ યજ્ઞ પણ કરવામાં આવશે. દરેક મંદિરોને ફુલોથી શણગાર કરવામાં આવશે. દરેક શક્તિપીઠના મંદિરો ઉપર પૂજા વિધિ સાથે ધ્વજા રોહણ કરવામાં આવશે. ગબ્બર પરિક્રમા કરવાથી તમામ ૫૧ શક્તિપીઠ એક જ દર્શનનો મહા લાભ મળે છે. માઈ ભક્તોને શક્તિપીઠના આઠમાં પાટોત્સવમાં ભાગ લઈને દર્શનનો લહાવો લેવા વિનંતી કરવામાં આવી છે.

---

# ઈડરના ગ્રામ્ય વિસ્તારમાં અભયમ ટીમે બાળલગ્ન અટકાવ્યું...!!

## બાળલગ્ન કરાવનાર માતા-પિતાને નોટિસ બાયડ

(બ્યુરો ઓફિસ) તા.૧૩

ઈડર તાલુકાના એક ગ્રામ્ય વિસ્તારમાં સાબરકાંઠા અભયમ-૧૮૧ની ટીમે મળેલી બાતમીના આધારે પહોંચી જઈ બાળલગ્ન અટકાવ્યું હતું તેમજ વરરાજા-કન્યાને પોલીસ સ્ટેશન લઈ જવામાં આવ્યા હતા. બાળલગ્ન કરાવનાર માતા-પિતાને બાળ સમાજ સુરક્ષા વિભાગ દ્વારા નોટિસ આપવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર કેન્દ્ર સરકાર દિકરીઓના લગ્ન માટેની ઉંમર ૨૧ વર્ષની કરવા માગે છે. ત્યારે જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં તંત્રની આંખો સમક્ષ બાળલગ્ન થતા હોવા છતાં આંખ આડા કાન કરાય છે. કોઈ જાગ્રત નાગરિક દ્વારા ફરિયાદ થાય પછી તંત્ર સફાળું જાગે છે. સાબરકાંઠા અભયમ-૧૮૧ ટીમને ઈડર તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં બાળલગ્ન થઈ રહ્યાની બાતમી મળતાં ટીમ પહોંચી હતી. જ્યાં લગ્ન લેવાતા હતા તે વરરાજાકન્યાના ઉંમર સહિતના પુરાવા માંગતાં બાળલગ્ન હોવાનું જણાઈ આવ્યું હતું જેથી બાળલગ્ન અટકાવી દેવામાં આવ્યા હતા. ઈડર તાલુકામાં બાળલગ્નની ઘટના સામે આવતાં તંત્ર ઉંધા માથે થઈ ગયું છે તેમજ બાળ સમાજ સુરક્ષા વિભાગને અભયમ-૧૮૧ ટીમની સફળતા પછી માતા-પિતાને નોટિસ આપવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે.

### વરરાજા-કન્યા બંનેના બાળલગ્ન : અભયમ સાબરકાંઠા

સાબરકાંઠા અભયમ-૧૮૧ના સુરેખા મકવાણાએ જણાવ્યું કે અમને બાતમી મળી હતી કે ઈડરના ગ્રામ્ય વિસ્તારમાં બાળલગ્ન થઈ રહ્યા છે અને વરરાજા-કન્યા બંન્નેની ઉંમર ઓછી છે જેથી સ્થળ તપાસ કરતાં સાચું નિકળ્યું અને બાળલગ્ન અટકાવી તેમના માતા-પિતા સામે કાયદાકીય કાર્યવાહી કરવામાં આવી છે.